વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક: 117 | વર્ષ: 12 | જુલાઈ: 2023 | પેઈજ: 21
સંપાદક: ડો. ડી. કે. વાડોદરિયા | સંયોજક: સાક્ષી વાડોદરિયા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.pachshilschool.com | Email: panchshillschool2011@gmail.com

# કલાબાપાની કોઠા સૂઝ





ઘણાં વરહ પેલાંની વાત છે. એક ગામમાં રણછોડ કરીને એક ખેડૂત રહેતો, ઘરવાળી દૂધી, નાનો દીકરો ગગલો અને રણછોડનો બાપ કલોભાભો. આ ચાર જણનું કુટુંબ. ટૂકી ખેતીમાં માંડ બે છેડા ભેગા થાય છે. પૈસે ટકે થોડોક ટેકો રે' એટલા માટે રણછોડે પડખેના ખોડાપર ગામના દુદા પાસેથી બે હજારમાં એક દૂઝાણી ભેંસ લીધી. ભેંસ લીધી ઇ સવારે કલોભાભો જાતરાએ નીકળી ગયો. બાપા આવશે તો રાજી થાશે ઇ વાતનો રણછોડને હરખ છે. બેય માણહ ભેંસની સેવામાં લાગી ગયાં છે. સાંજે દોવા ટાણું થયું ભેંસને ખોળ કપાસિયા નીર્યાં. રણછોડ દોવા બેઠો. ભેંસ પ્રાવહો મૂકતી નથી અજાણ્યુ પડતું હશે. એમ માનીને મન વાળ્યું. બીજે દિવસે પણ એમ જ થયું. ત્રીજે દી પણ દૂધનું ટીપું નો મળ્યું એટલે રણછોડ ખોડપર જઇને દુદાને મળ્યો. 'એલા દુદા ! ભેંસ તો દોવા નથી દેતી !' 'ભેંસને શું ખવડાવસ ?' 'ખોળ ને કપાસિયા !' 'ખોળ - કપાસિયા નઇ , ઇને ગોળ ખવડાવ ! ટંકે દહ શેર દૂધ દેશે !'

રણછોડે તો મકાશેઠને હાટેથી લાવીને ગોળની ભીલી તગારામાં ભાંગીને ભેંસની સામે મૂકી ભેંસે જીભનો લબરકો લીધો, ને પ્રવાહો મૂકયો. રણછોડ મંડયો દોવા. દહ શેર દૂધથી બોંઘરણું છલકાણું. રણછોડને દૂધી તો કાંઇ રાજી થાય ......... કાંઇ રાજી થાય ! વાત જ જવા દયો.

પછી તો ભેંસને રોજ એક ભીલી ગોળ ખવડાવે અને ભેંસ બે ટાણાં દહ દહ શેર દૂધ આપે. આ એકાદ મહિનો થયો. દૂધમાંથી કેટલી આવક થઇ એનો એક એક કરી આંકડો માંડયો તો ૩૨૦ રૂપિયા થયા ને મકાશેઠને ગોળનાં હિસાબ લેખે રૂપિયા ૩૭૦ દેવાનાં નીકળ્યા. પચાસ રૂપિયાની ખોટ ગઇ ! રણછોડને દૂધી તો મૂંઝાણા. લમણે હાથ થઇને બેઠાં. તાં કલાભાભાએ ડેલીમાં પગ મૂકયો. બેયનાં નિમાણાં જેવા મોઢાં જોઇને કારણ પૂછ્યું.રણછોડે વાત માંડીને બધી જ વાત કીધી. બાપા બોલ્યા : 'અરે દીકરા ! આ તો ખાતર માથે દીવો થયો ! પણ, કાંય વાંધો નહીં, હવે હું કહું એમ કરો.'

બાપાના કીધા પરમાણે ઢીલો ચીકણો ગોળ મંગાવ્યો. તગારાને તળિયે ગોળનું લીંપણ કર્યું. થોડુંક પાણી છાંટયું. આમ ગોળ અને પાણીના થર કરીને તગારાને તડકે મૂકી દીધું. સાંજ પડતાં તો ગોળ પાણા જેવો કઠણ થઇ ગયો. તગારું ભેંસની સામે મૂકયું. જીભના લબરકા લઇને ચાંટવા મંડી. ગોળનો સ્વાદ આવ્યો. પ્રવાહો મૂકયો. દહ શેર દૂધ દીધું. પછી તો રોજ બેય ટાણાં ભેંસ ગોળ ચાટે ખરી, પણ ગોળ ઓછો નો થાય ! ગોળનો ખરચો જ મટી ગયો. ભેંસનેય ગોથે ચડાવી દિયે ઇ કરામત્ય કલાભાભાની ! આનું નામ હતું.

## SWAMI VIVEKANAND



- Swami vivekanand was a great leader and philosopher.
- He was born on 12 January 1863 in kolkata.
- His mother's name was Bhuvaneshwari Devi and his father's name was Vishwanath Datta.
- His childhood name was Narendranath Datta.
- He was figure with high thinking and simple living.
- He is best Known for his famous 1893 speech where He introduced Hinduism to western world in Chicago.
- He was the founder of Ramakrishna Mission and Ramakrishna Math in Kolkata.
- Swami Vivekanda's teaching not only motivated the youth but also whole world.
- On 12 January his birthday is celebrated as the ''National Youth Day'' in India.
- Swami Vivekanda breathed his last on 4 July 1902 at the Belur Math.

- Vaghela Sakshi

---

## Tongue Twister for kids



- She sees cheese
- He threw three balls
- Fred fed. Ted bread and Ted fed Fred bread.
- I Scream you scream , we all scream for ice cream.
- Red lorry , yellow lorry , red lorry , yellow lorry , red lorry , yellow lorry
- The top cop saw a cop top.

શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓને આ મેગેજીનમાં સ્વરચિત રચનાઓ ( કવિતા, વાર્તા વગેરે ) કે પોતાના વિચારો રજુ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.

# જોડકણાં



## પ્રાચીન ઉખાણાં

1 કાળો ઘોડો, સફેદ અસવાર
એક ઉતરે ત્યાં બીજાનો વારો.

2 વૃક્ષ ઉપર વસું તોય હું પંખી નથી,
દૂધ આપું તોય હું ગાય નથી,
મોળો છું તોય હું મધૂરો છું,
પૂજન કરો ત્યારે હું દેવોનો પ્રતિક છું.

3 વાણી નહીં પણ બોલી શકે,
પગ નથી પણ ચાલી શકે,
વાગે પણ કાંટા નહીં,
એના ઈશારે દુનિયા ચાલે.

4 લીલું ફળને ધોળું બી,
મારે માથે કાંટા,
ચોમાસામાં મને સેવો તો,
ટળે દવાખાનાના આંટાં

1 પાટી અને પેન 2 નાળિયેર 3 ઘડિયાળ 4 કંટોલાં

## મારી શાળાઃ

મારી શાળા, પ્યારી શાળા,
ભણતર સાથે ગણતર દેતી,
સૌથી નિરાલી મારી શાળા.
દોડીને હું વહેલો જાઉં,
મિત્રો સાથે હું જોડાઉં,
વિવિધ વિષયોના જ્ઞાન પીરસતી,
અનોખી ન્યારી મારી શાળા.
મારી શાળા, પ્યારી શાળા,
સર્વધર્મ સમભાવ શીખવતી
સૌથી નિરાલી મારી શાળા.

## વિશ્વનું સૌથી મોટું માલવાહક વિમાન : એન્ટોનોવ

- વિશ્વના સૌથી મોટા વિમાન બોઈંગ વિશે તમે સાંભળ્યું હશે પરંતુ આ પ્રવાસી વિમાન કરતાંય મોટું વિમાન છે. એન્જિનિયરિંગની અજાયબી કહેવાય તેવું જંગી એન્ટોનોવ-૨૨૫ માત્ર માલસામાનની હેરફેર માટે જ વપરાય છે. આ વિમાન છ લાખ કિલોગ્રામ વજનનો સામાન લઈને ૪૮૦૦ કિલોમીટરની સળંગ મુસાફરી કરી શકે છે.
- રશિયાના આ વિમાનના અન્ય આંકડાં પણ અધધ... છે. એન્ટોનોવની લંબાઈ ૮૪ મીટર છે. પાંખોનો ઘેરાવો ૮૮.૪ મીટર છે અને ઉંચાઈ ૧૮.૧ મીટર. તેનું કુલ વજન ૨,૮૫,૦૦૦ કિલોગ્રામ છે. આ તોતિંગ વિમાન કલાકના ૮૫૦ કિલોમીટરની ઝડપે ઉડે છે.


## મગજ

માણસનું મગજ શરીરના કોઈપણ અંગ કરતા વધારે જટીલ છે અને હજી એને પુરેપુરું સમજી શકાયું નથી. હજી એવું ઘણું હશે જે આપણે જાણતા નહીં હોઈએ. યુગોથી માનવ મસ્તિષ્કે લોકોને અચરજમાં રાખ્યા છે. કેટલાક વૈજ્ઞાનિકો અને ડૉક્ટરોએ એમની આખી જિંદગી મગજ કેમ કામ કરે છે; તે સમજવામાં ગાળી છે. માનવશરીરના આ કલ્પનાતીત અંગ વિશે જાણીને આનંદ અનુભવીએ તેમાં નવાઇ નથી. અહીં નીચે કેટલીક હકીકતો આપીએ છીએ, જેથી ખ્યાલ આવશે કે મગજ કેમ કામ કરે છે, કેમ એનો વિકાસ થાય છે. એ શાનું નિયંત્રણ કરે છે, એ કઇ રીતે ઊંઘ લાવે છે. સપના જુએ છે., યાદ રાખે છે અને એવી બીજી ઘણીયે વાતો છે.

- મગજ અને શરીરનાં બીજાં અંગો વચ્ચે વહેતા સંદેશ કલાકના 270 કિલોમીટરથી વધારે ઝડપથી જતા હોય છે.
- મગજ માત્ર 10 વોલ્ટના બલ્બ જેટલી ઉર્જા વાપરે છે.
- મગજ દિવસ કરતા રાત્રે ઘણું વધારે સક્રિય હોય છે.
- મગજ એટલે 80 % પાણી
- ન્યૂરોન આખી જિંદગી પાંગરતા રહે છે.

**વજનઃ** મગજનું વજન લગભગ 1 કિલો 360 ગ્રામ હોય છે.
**ચામડીઃ** તમારી ચામડીનું વજન મગજના વજન કરતાં બમણું હોય છે.
**રંગઃ** મગજનો 60 % ભાગ સફેદ અને 40% ભાગ રાખોડી હોય છે.
**ન્યૂરોનઃ** મગજમાં 100 અજબ ન્યૂરોન હોય છે.

-ચાવડા શ્રેયા



# જાણવા જેવું

## વિજ્ઞાન

- સૂર્ય પ્રકાશને પૃથ્વી પર આવતા 8 મિનિટ અને 17 સેકંડ લાગે છે.
- દરેક સેકંડે લગભગ 100 વાર વીજળી પૃથ્વી પર ત્રાટકે છે.
- દર વર્ષે પૃથ્વી પર 1 લાખ ધરતીકંપ થાય છે.
- માણસ બોલે છે ત્યારે શરીરના જુદા-જુદા 72 મસલ્સ કામ કરે છે.
- શરીરમાં ફકત આંખની કીકી જ એક એવી છે કે એને લોહી પહોંચતું નથી.
- ચંદ્રયાન - 3 લગભગ 45 દિવસ પછી ચંદ્ર પર પહોંચશે.
- આ રોકેટ બનાવનાર કંપનીનું નામ ISHRO હતું.
- એરોપ્લેનની શોધ 1903માં થઇ હતી.
- ‘બરફની હોકી’ કેનેડાની રાષ્ટ્રીય રમત છે.
- 10. પૃથ્વીની ધરીને આટો ફરતા 24 કલાક લાગે છે.
- આપણા શરીરમાં 60% થી 65% જેટલું પાણી છે.
- શરીરનું લાંબામાં લાંબુ હાડકું ઉર્વાસ્થી એટલે કે સાથળનું હાડકું છે.
- આપણે જીવવા માટે $O_2$ લઇએ છીએ અને $Co_2$ બહાર કાઢીએ છીએ.
- રકત કણનું આયુષ્ય 120 દિવસ હોય છે.
- શરીરમાં હૃદય દ્વારા જ બધુ કામ થતું હોય છે.
- માનવ શરીરમાં 8 % વજન લોહીનું હોય છે.
- આપણા શરીરમાં બે કીડની હોય છે. જો એક કીડની ફેઈલ થઇ જાયતો બીજી કીડની કામ કરી શકે છે.
- પૃથ્વીને સૂર્યનો આખો આટો ફરવામાં તેને 24 કલાક લાગે છે.
- પૃથ્વી સૂર્યમાંથી એક ગોળા સ્વરૂપે નીકળી તેનું નિર્માણ થયું છે.

-ભુત ભવ્ય

---

## વાતાવરણના નિર્દોષ અને ઉપયોગી વાયુઓ

- પૃથ્વી પરના વાતાવરણમાં ૭૮ ટકા નાઈટ્રોજન અને ૨૧ ટકા ઓકિસજન છે. બાકીના એક ટકા હિસ્સામાં ઘણા વાયુઓ છે. પરંતુ તેમાં છ વાયુ એવા છે કે જે આપણા માટે ખૂબ જ ઉપયોગી છે. અને નિર્દોષ છે. હિલિયમ, નિયોન, આર્ગોન, ક્રિપ્ટન, ઝેનોન અને રેડીન નામના વાયુઓને ‘નોબલગેસ’ પણ કહે છે.
- નોબેલ ગેસ ઉપર વાતાવરણની અસર થતી નથી. અને અન્ય પદાર્થો સાથે રાસાયણિક પ્રક્રિયા પણ કરતાં નથી. આ વાયુઓને રંગ કે ગંધ પણ હોતા નથી. તે હંમેશા વાયુ સ્વરૂપે જ રહે છે. તીવ્ર ઠંડા વાતાવરણમાં પણ તે પ્રવાહી થતાં નથી.
- હવાને લેબોરેટરીમાં ખૂબ જ ઠંડી કરી પ્રવાહીમાં ફેરવાય ત્યારે નોબલ ગેસ છૂટા પડે છે. આ રીતે મેળવેલા આ વાયુઓનો વિવિધ સાધનોમાં ઉપયોગ કરી શકાય છે.
- હિલિયમ વાયુનો ઉપયોગ હિલિયમ બલુનમાં જાણીતો છે. નિયોન અને આર્ગોન રંગીન ટયૂબ લાઈટ કે રંગીન લેમ્પમાં વપરાય છે. રેડોન વાયુ ઝેરી છે. તેનો ઉપયોગ જમીનમાં પાણીની હાજરી, લોખંડના વેલ્ડિંગની ચકાસણી કરવામાં થાય છે. ક્રિપ્ટન વાયુ ફાયરપ્રૂફ બારીબારણા અને દીવાલો બનાવવામાં વપરાય છે. ઝેનોન વાયુ તેજસ્વી પ્રકાશ આપતી આર્કલાઈટમાં વપરાય છે.

# ગુરુપૂર્ણિમાના દિવસે ગાયત્રી યજ્ઞનું આયોજન કર્યું હતું.









# ગુરુપૂર્ણિમા નિમિતે આશીર્વચન આપતા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી  ડો. ડી.કે. વાડોદરીયા સર












નસીબ તે લોકોની તરફેણ કરે છે જે મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે પણ તેમના લક્ષ્યો પ્રત્યે અડગ રહે છે.

# ગુરુપૂર્ણિમા નિમિતે ગુરુનું મહત્વ સમજાવતા કાર્યક્રમમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ.











# મેનેજીંગ ટ્રસ્ટી શ્રી **ડો. ડી.કે. વાડોદરીયા સરનો**
# નાના ભૂલકાઓ પ્રત્યેનો પ્રેમ અને હૂંફ.














સારી આદતો અને ખરાબ આદતોનો ભેદ સમજાય
એના માટે **KG સેક્શનમાં** કાર્યક્રમનું આયોજન કરાયું હતું.














હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટે **'મોડલ યુનાઈટેડ નેશન્સ'** (MUN) ઈવેન્ટનું માર્ગદર્શન આપતાં MUN ના આયોજકો.

## સાયન્સ સીટી, રાજકોટ ની વિઝીટ માટે ગયેલા અમારા ઈંગ્લિશ, પ્રાયમરી અને સેકન્ડરી સેક્શન ના વિદ્યાર્થીઓ.











# સાયન્સ સીટી, રાજકોટ ની વિઝીટ માટે ગયેલા અમારા ઈંગ્લિશ, પ્રાયમરી અને સેકન્ડરી સેક્શનના વિદ્યાર્થીઓ.









## હર્ષલભાઈ માંકડે કરિયર એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત અમારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી.










## રોહિતભાઈ ગઢવી દ્વારા અમારા વિદ્યાર્થીઓ માટે સરસ મજાના ડાયરાના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.





# શેર માર્કેટ, ડિબેન્ચર અને IPO વિષે વિસ્તૃત માહિતી મળી શકે એ માટે હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.















**ટ્રાન્સગ્લોબ એજ્યુકેશનના ગ્લોબલ બિઝનેસ હેડ મીનાક્ષી મેડમે  વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસની તકો વિષે માહિતી આપી હતી.**












# પ્રાયમરી સેક્શનના વિદ્યાર્થીઓ માટે રંગપૂરણી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.















14. તારીખ 23/07/2023ને રવિવારના રોજ અદાનીગ્રુપ દ્વારા આયોજિત અન્ડર-16 ભાઈઓ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં 16 ટીમોએ ભાગ લીધેલ જેમાં પંચશીલ સ્કૂલની 2 ટીમોએ ભાગ લીધેલ જેમાં ટીમ-A એ દ્વિતીય રેન્ક અને ટીમ-B એ તૃતીય રેન્ક મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે તે બદલ બંને ટીમ અને કોચ અજયસિંહ ઝાલાને ખૂબખૂબ અભિનંદન.

---




## How-Indias-Ballistic-Missiles-work

Shreya Patel - Teacher
English Section

# Let's understand Recycling Loop



# Amazing facts about Mount Chimborazo



Mount Chimborazo is the highest  point on Earth, but not the world's tallest mountain: How can a mountain have the highest point on Earth without being the world's biggest mountain? With a boost from the Earth's equatorial bulge.



Mount Chimborazo in E cuador is 20,564 feet high, compared to Mount Everest's 29,029-feet height. The Earth is round, but not a perfect sphere, and is actually flatter at the poles with bulge around the Equator, hence the equatorial bulge. Because of its location on the equator, Mount Chimborazo is 7,000 feet higher in the sky than Mount Everest, and the Ecuadorian mountain's summit is the farthest from Earth's core than any other mountain.